Sl.No. :

नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – 11

No. of Printed Pages – 07

**SS–24–Gujarati Sah.**

# उच्च माध्यमिक परीक्षा, 2017

# SENIOR SECONDARY EXAMINATION, 2017

## गुजराती साहित्य

**समय** : 3¼ **घण्टे**

**पूर्णांक** : 80

પરીક્ષાર્થીઓ માટેના સામાન્ય નિર્દેશ:

1) પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર, પોતાનો નામાંક જરૂરથી લખે.

2) દરેક પ્રશ્ન કરવા ફરજિયાત છે.

3) પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

4) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

6) પ્રત્યેક પ્રશ્નનો જવાબ ગુજરાતી ભાષામાં લખવાનો છે.

Tear Here

प्रश्न पत्र को खोलने के लिए यहाँ फाड़ें
TEAR HERE TO OPEN THE QUESTION PAPER

यहाँ से काटिए

**1)** નીચેનો ગદ્યખંડ વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

ગદ્યખંડ:-

પ્રાર્થનાથી હૃદયનું દિવ્ય સ્નાન થાય છે. પ્રાર્થના અપવિત્ર વિચારોને દૂર કરે છે. પ્રાર્થના માનવીને નમ્ર બનાવે છે. પ્રાર્થના ઉત્તમ વિચારો અને શ્રેષ્ઠ ગુણોનું ઉદ્ભવ સ્થાન છે. તેથી જ કોઈપણ શુભ કાર્યની શરૂઆત પ્રાર્થનાથી થાય છે.

પ્રાર્થનામાં અદ્ભૂત બળ રહેલું છે. સાચાં હૃદયથી કરેલી પ્રાર્થના ક્યારેય નિષ્ફળ જતી નથી. દ્રૌપદીની પ્રાર્થના સાંભળીને શ્રીકૃષ્ણે તેને નવસો નવાણું ચીર પૂરાં પાડ્યાં હતાં, સતી સાવિત્રીની પ્રાર્થનાથી યમરાજ પીગળી ગયા હતા અને તેમણે સત્યવાનને પુનર્જીવિત કર્યો હતો. પ્રાર્થના સાંભળીને શ્રીકૃષ્ણે શામળદાસ શેઠના રૂપમાં આવીને કુંવરબાઈનું મામેરું ધુમધામથી કરી આપ્યું હતું.

આમ પ્રાર્થના મનુષ્યને ઈશ્વરની સમીપ લઈ જનારૂં એક દિવ્ય સાધન છે.

પ્રશ્નો:-

1) પ્રાર્થના મનુષ્યને કેવો બનાવે છે ? **[2]**

2) શુભ કાર્યની શરૂઆત કેવી રીતે થાય છે ? **[2]**

3) કેવી પ્રાર્થના નિષ્ફળ જતી નથી ? **[2]**

4) પ્રાર્થનાનાં બળે ભગવાને કોને કોને મદદ કરી સદષ્ટાંત લખો. **[2]**

5) ગદ્યખંડનું યોગ્ય શિર્ષક આપો. **[2]**

**2)** નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર 200 થી 250 શબ્દોમાં નિબંધ લખો. **[10]**

1) અન્યાય પર ન્યાયની જીતનો તહેવાર 'દશહરા'

2) રાષ્ટ્ર પ્રેમ - આતંકવાદની જડને સમાપ્ત કરવાની જડીબુટ્ટી

3) અવિસ્મરણિય યાત્રા

4) સ્વચ્છતા ત્યાં પ્રભુતા

**3)** નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખી યોગ્ય શિર્ષક આપો. **[5]**

કંકુડી અને કાનિયો પતિ-પત્ની - મજુરી કરીને જીવન નિર્વાહ ચલાવવો - વરસાદ - અતિવૃષ્ટિ - શેઠનું ધન મળવું - પ્રમાણિકતાથી શેઠને પાછું આપવું - ઉપસંહાર.

**4)** તમારું નામ અભિષેક છે. તમે સ્વામી વિવેકાનંદ રાજકીય ઉચ્ચ માધ્યમિક વિદ્યાલય જયપુરના વિદ્યાર્થી છો. તમારા વિદ્યાલયમાં સાત દિવસના શૈક્ષણિક ભ્રમણનો કાર્યક્રમ છે તેમાં જવા માટે પિતાજીની સહમતિ પ્રાપ્ત કરવા માટે પત્ર લખો. **[5]**

**5)** અ) નીચેનામાંથી કોઈપણ એક અલંકારની વ્યાખ્યા સદૃષ્ટાંત આપો. **[2]**
રૂપક અથવા ઉપમા

બ) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો. **[2]**

આંખ આડા કાન કરવા

ક) 1) નીચેના વાક્યને નકાર વાક્ય બનાવો. **[1]**

-વિદ્યાર્થીઓ સ્વચ્છતા રાખે છે.

2) પ્રશ્નવાક્ય બનાવો. **[1]**

-આતંકવાદને નાથવા માટે કડક પગલાં ભરવાં જોઈએ.

3) વિધાન વાક્ય બનાવો. **[1]**

-સત્યના માર્ગે ચાલવું કઠિન છે ?

ડ) નીચેના વાક્યોનું શુધ્ધિકરણ કરો. **[3]**

1) રમવા ગરબા આવજો વહેલા

2) હું વરસાદ હતો ત્યારે લઈને છત્રી આવ્યો.

3) એક આખા વરસમાં ભયંકર ગુજરાતમાં અતિવૃષ્ટિ થઈ.

**6)** નીચેનો પઠિત ગદ્યખંડ વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

''જે યુવક કે યુવતી મા-બાપની ઈચ્છા વિરૂધ્ધ વર્તે તેને મા-બાપના ઘરની સગવડનો, તેમના પૈસાનો અધિકાર નથી. તેણે વિના સંકોચે ને ક્રોધ કર્યા વગર ઘરબાર, ધન છોડવા તૈયાર રહેવું જોઈએ. આવા વર્તનનું પરિણામ શુભ હોય છે. માતા પિતાનો વિરોધ શમી જાય છે.''

પ્રશ્નો:-

1) ગાંધીજી યુવક-યુવતીને શી સલાહ આપે છે ? **[2]**

2) મા-બાપની ઈચ્છા વિરૂધ્ધ વર્તનારને શું કરવું જોઈએ ? **[2]**

3) ગદ્યખંડના આધારે સંતાનોમાં મા-બાપની ઈચ્છા વિરૂધ્ધ વર્તનાર સંતાનોને શાનો અધિકાર નથી ? તેનું પરિણામ કેવું હોય છે ? **[2]**

**7)** નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. **[8]**

1) ''કાંચન અને ગેરું'' પાઠના આધારે જયંત અને આનંદના સફળતા પ્રાપ્ત કરવાના માર્ગ પર મુદ્દાસર નોંધ લખો.

2) ચંદ્રવદન કયા કયા વિષયોમાં ભણવામાં કમજોર હતો ? તેની રૂચિ શામાં હતી ?

3) બાના મૃત્યુ પછી આશાએ ભાઈની સારસંભાળ કઈ રીતે લીધી હતી ?

4) મિત્રને હરિજનની સેવા કરવાથી શું શું નુકસાન થયું ?

5) નોકર પર ચોરીનો આરોપ શા માટે આવ્યો ? માજીના પ્યાલાના આધારે નોકર પ્રત્યેના વ્યવહાર પર વ્યંગ લખો.

6) લેખક આથમણી દિશામાં શું શું જોઈને દંગ રહી ગયા ? નવ ગ્રહોના નામ લખો.

**8)** નીચેના પાત્રોનું ચરિત્ર ચિત્રણ કરો. (કોઈપણ એક) **[6]**

1) ચંદ્રવદનના મામાજી

2) આનંદના પાત્રનું ચિત્રણ અને તેમાં ત્યાગની ભાવના પર નોંધ લખો.

**9)** નીચેના કોઈપણ બે પ્રશ્નોના જવાબ પદ્યના આધારે સવિસ્તારથી લખો. (બાર થી પંદર વાક્યમાં) **[8]**

1) 'મેહુલો ગાજે ને માધવ નાચે' કાવ્યના આધારે શ્રીકૃષ્ણ અને ગોપીઓની વેશભૂષા અને નૃત્ય-સંગીત પર લખો.

2) 'જનનીની જોડ સખી નહી જડે રે લોલ' કાવ્યમાં માતાની મહત્તા પર નોંધ લખો.

3) 'તડકો' કાવ્યમાં તડકાના વિભિન્ન રૂપોને આધારે મનુષ્ય પર પડતા પ્રભાવ વિશે કવિ શું કહે છે ?

**10)** નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના જવાબ પદ્યના આધારે આઠ થી દશ પંક્તિઓમાં લખો. **[8]**

1) ''કુંવરબાઈનું મામેરું'' કાવ્યમાં શ્રીકૃષ્ણ પ્રત્યેની અગાધ ભક્તિ-વિશ્વાસ કઈ રીતે વ્યક્ત થયો છે ? કાવ્યનો ધ્વનિ લખો.

2) 'ફૂલડાં ડુબી જાય છે ને પત્થરો તરી જાય છે' - કાવ્યપંક્તિ સમજાવો.

3) નારી કદિ ન નિંદિયે, નારી રત્નની ખાણ
નારી થી નર નિપજ્યા, ધ્રુવ પ્રહલાદ સમાન
- કાવ્યપંક્તિ સમજાવો.

**11)** મીરાંબાઈની ગુજરાતી મધ્યકાલીન સાહિત્યમાં લોકપ્રિયતાના આધારે જીવન અને સાહિત્ય પર નોંધ લખો. **[4]**